

# આસપાસ ચોપાસ

# વાડી

**ગામની કુલ વસતી 5,648 છે, જેમાં 2,858 પુરુષ અને 2,790 મહિલાનો સમાવેશ**

## એક એવું ગામ જેને સફળતા સિવાય કંઈ ન ખપે: સરકારી નોકરીઓ તેમજ રાજકીય ક્ષેત્રમાં પ્રગતિ

**ગામની પ્રજા મહેનતુ, અભ્યાસુ, ખમીરવંતી છે. તથા સાહસિક પ્રગતિ કરવાના ગુણો ધરાવે છે.**
**વાડી ગામમાં સરકારી નોકરીમાં સને-1970થી 2020 સુધી જોડાયેલા વર્ગ 1, 2, 3ના સરકારી કર્મચારીઓ નીચે પ્રમાણે છે**

**વર્ગ 3 ના કર્મચારી**

1. નીરૂભાઈ ફૂલસિંહ વસાવા - નાયબ મામલતદાર (નિવૃત્તઃ જૂન ૨૦૦૪, સ્વર્ગસ્થ)
2. રમણભાઈ લાલજીભાઈ વસાવા - નાયબ મામલતદાર (નિવૃત્તઃ જૂન ૨૦૦૭)
3. રાયમલભાઈ ફુલાભાઈ વસાવા - એ.એસ.આઈ., વાલિયા (નિવૃત્તઃ ૨૦૧૬)
4. નરપતભાઈ રણમલભાઈ વસાવા - એ.એસ.આઈ., અમદાવાદ શહેર (નિવૃત્તઃ ૨૦૧૬)
5. અમરસિંહ વીરસીંગભાઇ વસાવા - એ.એસ.આઈ., સુરત શહેર (નિવૃત્તઃ ૨૦૧૭)
6. ગંભીરસિંહ સમસિંહ વસાવા - એ.એસ.આઈ., વ્યારા (નિવૃત્તઃ ૨૦૧૯)
7. ઉદેસિંગ હેપુભાઈ વસાવા - એ.એસ.આઈ. (નિવૃત્તઃ ૨૦૧૭)
8. જીતેન્દ્રભાઈ મીરુભાઈ વસાવા - એ.એસ.આઈ., ઉમરપાડા પોલીસ સ્ટેશન
9. જયેશભાઈ જીતેન્દ્રભાઈ વસાવા - ફૉરેસ્ટર, વાંકલ રેન્જ
10. શૈલેન્દ્રસિંહ ફતેસિંહ વસાવા - પી.એસ.આઈ., સ્ટેટ ઇન્ટેલિજન્સ (સ્ટેટ્સ), ગાંધીનગર
11. દિપેશભાઈ લાલસિંહ વસાવા - પી.એસ.આઈ., વડોદરા શહેર
12. વિનેશભાઈ અશ્વિનભાઈ વસાવા - પી.એસ.આઈ., સુરત શહેર
13. પુંજીભાઈ વેસ્તાભાઈ વસાવા - પી.એસ.આઈ., ભરૂચ
14. મંગુભાઈ ગણપતભાઈ વસાવા - પી.એસ.આઈ., એસ.આર.પી., ભરૂચ (નિવૃત્ત, રેટા)
15. ખાનસિંગભાઈ નવજીભાઈ વસાવા - નાયબ સેક્શન અધિકારી, સચિવાલય, ગાંધીનગર (નિવૃત્તઃ ૨૦૧૯)



### ગેઝેટેડ વર્ગ-2ના અધિકારીઓ

1. ફતેહસિંહ ગુમાનસિંહ વસાવા - નિવૃત્ત પોલીસ ઇન્સ્પેક્ટર, એસ.આર.પી. કલગામ (નિવૃત્તિ: 2016)
2. કાલિદાસભાઈ ઉમરાભાઇ વસાવા - નિવૃત્ત પોલીસ ઇન્સ્પેક્ટર, સી.આઈ.ડી. આઈ.બી. વ્યારા (નિવૃત્તિ: 2011)
3. જશવંતભાઈ વાલજીભાઈ વસાવા - એન્જિનિયર, બી.એસ.એન.એલ., વડોદરા
4. નીરવકુમાર મહેન્દ્રસિંહ ઠાકોર - સેક્શન ઓફિસર, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. મહેન્દ્રભાઈ નરપતભાઈ વસાવા - નાયબ કાર્યપાલક ઇજનેર, જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ, સુરત
6. ભલભદ્રસિંહ અમરસિંહ વસાવા - મેડિકલ ઓફિસર, એ.એમ.સી., અમદાવાદ શહેર



### શૈક્ષણિક સુવિધાઓ

આઝાદી પહેલા આ આદિવાસી જંગલ વિસ્તારમાં ભણતર માટે આજુબાજુનાં ગામડાંમાં કોઈ સુવિધાઓ ન હતી. પરંતુ વાડી ગામે ધો-1થી 4 સુધીની ભણવાનું શિક્ષણ સુવિધા વાડી સ્ટેટના દુમાલદારે જિલ્લા લોકલ બોર્ડ પાસે કરાવેલ હતી. જેથી લોકલ બોર્ડ સુરત હટે વર્ષ-1927ના રોજ વાડી ગામમાં પ્રાથમિક શિક્ષણ મેળવવા માટે વાડી ગામમાં સને-1927થી પ્રાથમિક શાળા ધોરણ એકથી સાત કાર્યરત છે, સાથે સાર્વજનિક હાઇસ્કૂલ અને સૈનિક સ્કૂલ સરકાર દ્વારા શરુ કરવામાં આવેલ છે , ચાર પ્રાથમિક શાળા દસ આંગણવાડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા ઉપલબ્ધ છે.





### ગેઝેટેડ વર્ગ-1ના અધિકારીઓ

**(1) અમરસિંહ વેસ્તાભાઈ વસાવા**નો જન્મ વાડી ગામમાં મધ્યમ ખેડૂત કુટુંબમાં થયો હતો. ખેડૂત હોય ખેતીમાં કઈ પાકતું ન હોવાથી આર્થિક તકલીફ પેઢીને તેમણે સ્થાનિક પ્રાથમિક શાળામાં તેમજ ઝંખવાવ અને વાંકલ સ્કૂલમાં અભ્યાસ કરાવી, ત્યારબાદ વલ્લભ વિદ્યાનગર ખાતે કોલેજ શિક્ષણ અપાવ્યું શ્રી સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગરમાં બી.એ તથા એમ.એ અંગ્રેજી સાથે અભ્યાસ પૂર્ણ કરી પોલીસ ખાતાની સરકારી નોકરીમાં વર્ગ એક તરીકે જોડાઈને તાલીમ બાદ ગુજરાત રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવીને છેલ્લે ગાંધીનગર પોલીસ ભવનમાં વાયરલેસ એસપીના હોદ્દા ઉપરથી માહે મે 2009માં વય નિવૃત્તિ થયેલ છે અને ત્યારબાદ વાડી ગામમાં આવી કુટુંબ પરિવાર સાથે રહી સમાજસેવાની કામગીરી કરી રહ્યા છે. તેઓ જ્યારે પોલીસ સેવામાં હતા ત્યારે અનેક આદિવાસી યુવાનોને પોલીસ ખાતામાં ભરતી કરી હતી. ઉપરાંત સહારા માનવ કલ્યાણ ટ્રસ્ટ વાડી મારફતે આશરે 11,000 જેટલી ગાયો વાહનના પાંજરાપોળ ગૌશાળા વગેરે જગ્યાએથી મેળવી લાવી આજુબાજુનાં ગામડાંમાં ગાયોનું દાન કરેલ તેમજ અને 2001માં અછત દુકાનના સમયે વાડી કેલીકૂવા કબીર મંદિરે બે માસ સુધી રામરોટીનું રસોડું દરરોજ ચલાવી ગરીબોને જમાડવાની માનવસેવા પણ કરેલી છે. ઉપરાંત ગામના મરણ પ્રસંગે વીસેક વર્ષથી પ્રસંગે પાંચ મણ ચોખાની મદદ (જે છેલ્લાં પાંચ વર્ષથી બંધ કરી છે), દિવ્યાંગ શખ્સોને 1500 નંગ ટ્રાઈસિકલની મદદ, વાડી નિરાંત તેમજ ભાથીજી સંપ્રદાયના સંત મેળાવડા પ્રસંગોમાં આર્થિક તેમજ ભોજન પ્રસાદીની મદદ તેમજ અનેક ધાર્મિક સંત મેળાવડામાં પ્રત્યક્ષ પ્રસંગોમાં હાજર રહી ભક્તજનોને પ્રોત્સાહિત કર્યા અને દેશના કુલ 164 જેટલા હિંદુ ધાર્મિક મંદિર નિર્માણ કાર્યમાં માર્ગદર્શન આપી આર્થિક મદદ કરી સમાજ સેવામાં સહભાગી બન્યા છે. ઉપરાંત પોલીસ સેવાની નોકરી દરમિયાન સને 1990-91 સાલમાં રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ તોડી ત્યારે તોફાનો વેળા અમદાવાદ શહેરમાં ડીસીપી પૂર્વ તરીકે કડકાઈથી કામ કરી કાયદો અને વ્યવસ્થા જાળવી હતી. તેમાં સરકારે કામની કદર કરી પ્રશંસાપત્રો આપ્યા છે. તેમજ 1992ની સાલમાં અમદાવાદ શહેરના ગુંડા અબ્દુલ લતીફ વહાબની ગેરકાનૂની કૃતિઓ બદલ ત્રણ વખત ધરપકડ બદલ પ્રશંસા પત્ર મળ્યું છે અને 1992ની રથયાત્રા પ્રસંગે અમદાવાદ શહેરમાં કોમી તોફાનો થતાં હિંમતપૂર્વક ફરજ અદા કરી ભગવાન શ્રીકૃષ્ણ, બેન સુભદ્રા અને બલરામના રથો મુસ્લિમ વસતીમાંથી પસાર કરી બચાવતાં સરકારે રોકડ રકમ અને પ્રશંસાપત્ર આપ્યું હતું. નિવૃત્તિ બાદ તેઓના નાનાભાઈ ગણપતસિંહ વસાવા કે જેઓ હાલ તાલુકાના ધારાસભ્ય અને આ ગુજરાત આદિજાતિના પ્રમુખ પદે બિરાજમાન છે.

**(2) ભીમસિંહ સુરસિંહ વસાવા**નો જન્મ વાડીગામે મધ્યમ વર્ગના ભાયાત પરિવારમાં થયો હતો. તેઓ વાડી સ્ટેટના રાજવી કુટુંબના ચોથા આદિવાસી રાજવી અમરસિંહ કાગુભાઈ વસાવાના પ્રપૌત્ર છે. તેઓ બી.એ. બી.એડ, એલએલબી સુધી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી કોલેજના શિક્ષણ દરમિયાન એનસીસી બી અને સી સર્ટિફિકેટ મેળવ્યું હતું. તેમજ રમતગમત ક્ષેત્રે વ્યક્તિગતમાં ગોળા ફેંક, બરછીફેંક, 400 મીટર દોડ તેમજ રીલે ફર્સ્ટ દોડમાં ભાગ લઈ કોલેજ કક્ષાએ હંમેશાં પ્રથમ રહેતા અને કબડ્ડી તેઓની પ્રિય રમત હતી. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતની ટીમના સતત ચાર વર્ષ સુધી ખેલાડી રહ્યા તેમાં સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર ખાતે યુનિવર્સિટી કબડ્ડી ટીમના કેપ્ટન પણ રહી ઓલ ઇન્ડિયા આંતર યુનિવર્સિટી કબડ્ડી સ્પર્ધામાં હુબલી કર્ણાટક, નાગપુર, મહારાષ્ટ્ર ખાતે ભાગ લીધો હતો. તેઓ ગુજરાત પોલીસ સેવામાં જોડાયા હતા અને આઇપીએસની ઉચ્ચ પોલીસ અધિકારી સુધી હોદ્દો પ્રાપ્ત કરી મે-2010 નિવૃત્ત થયા છે. હાલ વ્યવસાય એડ્વોકેટ અને ખેતીનો ધંધો સમાજસેવાનું કાર્ય કરે છે. પોલીસ ખાતાની સેવા દરમિયાન કુલ ૨૭૮ પુરસ્કાર મેળવ્યા છે. તેમજ 15મી ઓગસ્ટ-1998ના રોજ સ્વતંત્રતા દિને ભારત દેશના રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રપતિ ચંદ્રક-પોલીસ મેડલ એનાયત થયો હતો. તેઓ વસાવા સમાજના એકમાત્ર પ્રથમ આઇપીએસ ઓફિસર છે. માંગરોળ ઉમરપાડા તાલુકામાં સૌપ્રથમ વસાવા સમાજના ગ્રેજ્યુએટ છે. તેઓએ એક જ ડાળના પંખી પુસ્તિકા લખી પ્રગટ કરી ઉમદા કાર્ય કર્યું છે. તેમજ ગ્રામજનોના લાભાર્થે વાડી તથા વાડી ફળિયા ગામે બસ સ્ટેન્ડ-પાણીની પરબ સાથે બાંધી ધારાસભ્ય ગણપતસિંહ વસાવાના હસ્તે લોકાર્પણ કરાવ્યું છે અને સદગુરુ નિરાંત રામજી મંદિર ટ્રસ્ટના તેઓ પ્રમુખ પણ છે.

(3) લીમજી ફુલાભાઇ વસાવા પણ મધ્યમ ખેડૂત પરિવારના છે. વાડી ગામે જૂન-1958માં તેમનો જન્મ થયો હતો. તેમણે પોલીસ ખાતામાં ભરતી થઈ ગુજરાતના જુદા જુદા જિલ્લામાં ફરજ બજાવી નાયબ પોલીસ અધિક્ષકનું પદ હાંસલ કર્યું છે. તેઓએ ગુજરાત અશ્વદળમાં લાંબા સમય ફરજ બજાવી ઉત્તમ કામગીરી કરી છે. ભારત દેશનાં અન્ય રાજ્યોના પોલીસ અશ્વદળની સાથે અશ્વ સ્પર્ધામાં ભાગ લઈ ગુજરાત પોલીસ અશ્વદળને વિજેતા બનાવતાં તેમને 9 ગોલ્ડમેડલ, 8 સિલ્વર મેડલ અને 9 બ્રોન્ઝ મેડલ, રોકડ ઇનામો રૂપિયા 50 હજારના મળ્યાં છે. તથા 10 પ્રસંશાપત્ર મેળવી ગામનું ગૌરવ વધાર્યું છે. તેઓ 2016માં નિવૃત્ત થયા હતા. હાલ વાડી ખાતે રહી ખેતી તથા સમાજસેવાની પ્રવૃત્તિ કરે છે તેમજ સુરત ખાતે સ્કૂલનાં બાળકોને અશ્વ ઘોડાની પ્રેક્ટિકલ તાલીમ આપી રહ્યાં છે.

### ગામમાં ઉપલબ્ધ સુવિધાઓ

**વાહન વ્યવહાર:** વાડી ગામ ઉંમરપાડા તાલુકાનું એક મોટું અને પૂરતી સગવડતા ધરાવતું ગામ છે. આ ગામ ચારેય દિશાઓથી રાષ્ટ્રીય ધોરી માર્ગ, રાજ્ય ધોરી માર્ગ તેમજ જિલ્લા પંચાયતના પાકા રસ્તાઓ સાથે જોડાયેલું છે. પાકા રસ્તાઓની ઉત્તમ સુવિધાને કારણે એસ.ટી. બસ તેમજ ખાનગી વાહનો મારફતે તાલુકા, જિલ્લા કે રાજ્યના કોઈપણ શહેર કે વિસ્તાર સાથે સહેલાઈથી સંપર્ક કરી શકાય છે.

**રેલવે સુવિધા:** વાડી ગામ સીધું રેલવે લાઇનથી જોડાયેલું નથી, પરંતુ ગામથી માત્ર 4 કિ.મી. દૂર ઝંખવાવ રેલવે સ્ટેશન આવેલું છે, જ્યાં હાલ મોટી લાઇન (બ્રોડગેજ) બનાવવાનું કામ ચાલી રહ્યું છે.

-આરોગ્ય અને જાહેર સેવાઓ: ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પશુ દવાખાનું, પોસ્ટ ઓફિસ, ગ્રામ પંચાયત કચેરી અને બસ સ્ટેન્ડ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. આ ઉપરાંત અહીં હાટ બજાર પણ ભરાય છે.

**પાણી અને વીજળી:** ગામમાં વીજ પુરવઠો અને પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા છે. 'નલ સે જલ' યોજના હેઠળ પાણીની ટાંકી અને બોર મારફતે ઘરે-ઘરે પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. આ ઉપરાંત ગ્રામજનો પોતાના ખાનગી કૂવા અને બોર દ્વારા પણ પીવાનું તેમજ ખેતી માટે સિંચાઈનું પાણી મેળવે છે.

**ઉદ્યોગ અને રોજગારી:** વાડીમાં કુલ 18 જેટલા પથ્થર ક્વોરી ઉદ્યોગો આવેલા છે. આ ઉદ્યોગોને કારણે સ્થાનિક ગ્રામજનોને આર્થિક રીતે સારી રોજગારી મળી રહે છે.

### માંગરોળ-ઉમરપાડા તાલુકાને નવપલ્લવિત કરવામાં ગણપતસિંહ વસાવાનો સિંહફાળો



ગણપતસિંહ વસાવા

કાકરાપાર ઉદવહન સિંચાઈ દ્વારા માંગરોળ તાલુકાને સિંચાઈનું પાણી પહોંચાડી ખેડૂતો અને પશુપાલકોનું જીવનધોરણ ઊંચું આવ્યું છે. આદિવાસી પંથકના ખેડૂતો માટે મહત્ત્વપૂર્ણ મનાતી તાપી-કરજણ લિંક પાઇપલાઇન ઉદવહન સિંચાઈ યોજના હવે સિંચાઈ ક્ષેત્રે નવી આશા લઈને આવી છે. આ યોજના દ્વારા સુરત જિલ્લાના ઉમરપાડા તથા નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાનાં અનેક ગામોને સિંચાઈનું પાણી મળશે. અંદાજે ૪૪ કિલોમીટરથી વધુ લાંબી આ પાઇપલાઇન યોજના દ્વારા પાણી ઊંચાઈ સુધી પહોંચાડીને ગ્રેવિટી ફ્લો પદ્ધતિથી ખેડૂતો સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તાપી-કરજણ લિંક પાઇપલાઇન ઉદ્વહન સિંચાઈ યોજના આદિવાસી વિસ્તારના ખેડૂતો માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થવાની છે. આ યોજના દ્વારા ઉમરપાડાનાં ૫૧ ગામ તેમજ ડેડિયાપાડા તાલુકાનાં ૨૨ ગામ મળી કુલ ૭૩ ગામને સિંચાઈનું પાણી મળશે. આ યોજનાની કુલ લંબાઈ લગભગ ૪૪.૩૦ કિલોમીટર છે અને તેમાં મહત્તમ ૮૭૨ ફૂટ ઊંચાઈ સુધી પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. બાદ ગ્રેવિટી ફ્લો પદ્ધતિથી પાણીનું વિતરણ કરી ખેડૂતો સુધી સિંચાઈનું પાણી પહોંચાડવામાં આવશે. આ યોજના દ્વારા અંદાજે ૫૩ હજાર ૭૫૦ એકર જમીનને સિંચાઈનો સીધો લાભ મળશે. ઉપરાંત પાઇપલાઇન માર્ગમાં આવતા લગભગ ૧૦૦ જેટલા ચેકડેમને પણ આ યોજનાથી ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે જ ઉમરપાડાના સિંચાઈ સુવિધાથી વંચિત રહેલાં ૨૯ ગામોને લાભ મળે એ માટે યોજનાનું એક્સટેન્શન પણ કરવામાં આવશે. જેના કારણે અંદાજે વધુ ૧૯ હજાર એકરથી વધુ જમીન સિંચાઈ હેઠળ આવશે અને ખેડૂતોને ખેતી માટે પૂરતું પાણી મળી શકશે.

### માજી સરપંચ હરીશભાઈ વસાવા ઉદાર દાનવીર



વાડી ગામના માજી સરપંચ હરીશભાઈ વસાવાએ પણ બે ટર્મ ગામ સરપંચ તરીકે સેવા કરી છે. તેમણે ગામમાં લાઇબ્રેરી માટે અને દૂધમંડળી માટે મફતમાં જમીન આપી હતી. જ્યાં આજે વિદ્યાર્થીઓ આજે સ્ટડી કરી કારકિર્દી આગળ ધપાવી રહ્યા છે. વાડી ગામમાં દૂધમંડળીની સ્થાપના તા.5/10/1978ના રોજ કરવામાં આવી હતી. દૂધમંડળી ચાલુ કરાવી ટ્રાયબલ યોજનામાં પશુપાલકોને ગાય-ભેંસ અપાવી પગભર કરવામાં તેમણે પાયારૂપ કામગીરી કરી છે. આજે દરરોજ 1500 લીટર દૂધ દૈનિક જાય છે. હાલમાં ડેરીના પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ અને મંત્રી તરીકે અંકિતભાઈ સેવા આપી રહ્યા છે.

### રીતેશભાઈ વસાવા પણ સેવાકીય ક્ષેત્રે અગ્રેસર



રીતેશભાઈ વસાવા લોકસભાના ઉમેદવાર તરીકે ઉભરી આવ્યા હતા. તેમણે 2015થી 2020 સુધી સુમુલ ડેરીમાં વાઇસ ચેરમેન તરીકે સેવા આપી હતી. હાલ તેઓ સુમુલ ડેરીમાં ડિરેક્ટરનું પદ શોભાવી રહ્યા છે. તેઓએ જણાવ્યું હતું કે, ઉકાઈ જળાશય આધારિત તાપી કરજણ ઉડવહન સિંચાઈ યોજના આવવાથી ખેડૂતો અને પશુપાલકોનું જીવન ધોરણ ઊંચું આવશે. તેઓની આવકમાં વધારો થશે.

### ખેડૂત પરિવારનો દીકરો બન્યો ધારાસભ્ય





ગણપતસિંહ વેસ્તાભાઈ વસાવાનો જન્મ વાડી ગામે મધ્યમ ખેડૂત પરિવારમાં થયો હતો. અને સ્થાનિક વાડી તેમજ ઝંખવાવ પ્રાથમિક શિક્ષણ મેળવી રાજપીપળા માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરી અમદાવાદ સેન્ટ ઝેવિયર્સમાં બીએની ડિગ્રી પ્રાપ્ત કરી ગ્રેજ્યુએટ થયા હતા. એ બાદ અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીમાં એમ.એ.નો અભ્યાસ કરી તેઓ સમાજસેવા અને રાજ્ય તથા દેશની સેવા કરવા રાજકારણની પ્રવૃત્તિમાં જોડાયા હતા. તેમણે 1998માં પ્રથમ ચૂંટણીમાં મળેલી નજીવી હારને પચાવીને સતત જનસંપર્ક ચાલુ રાખ્યો, જેના પરિણામે 2002માં તેઓ માત્ર 31 વર્ષની ઉંમરે 11મી વિધાનસભાના સૌથી યુવા ધારાસભ્ય તરીકે વિજેતા બન્યા હતા. ત્યારબાદ 2007, 2012 અને 2017માં સતત જંગી બહુમતી મેળવી તેમણે પોતાની લોકપ્રિયતા સાબિત કરી છે. ગણપતસિંહ વસાવાને જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ 2011માં મળી, જ્યારે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની કાર્યદક્ષતા જોઈ તેમને ગુજરાત વિધાનસભાના પ્રથમ આદિવાસી અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા. આ નિમણૂકથી વાડી ગામે ગૌરવ અનુભવ્યું હતું. તેમણે ત્રણ વખત કેબિનેટ મંત્રી તરીકે વન, પર્યાવરણ અને આદિજાતિ વિકાસ જેવા મહત્ત્વનાં ખાતાં સફળતાપૂર્વક સંભાળ્યાં છે. હાલમાં જ ગુજરાત પ્રદેશ ભાજપના આદિજાતિ મોરચાના પ્રમુખ તરીકેની જવાબદારી મળી છે. સને-2020ની સાલમાં કોવિડ-19 કોરોના મહામારીના રોગથી લોક ડાઉનના કારણે વાડી ગામના ગરીબ આદિવાસી પરિવારોની રોજિંદી રોજગારી છીનવાઈ જતાં ભૂખમારા સામે રક્ષણ માટે સહાય કરવાના હેતુથી કુલ ૧૬૦૦ જેટલાં અનાજ તથા અન્ય રસોડાંના મરી-મસાલા સહિતની કિટ ગરીબ પરિવારને તેમના સ્વખર્ચે પૂરી પાડી માનવતા દર્શાવી હતી. વાડી ગામમાં વીર ભાથીજી મહારાજના પૂર્ણ મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો તથા નવીન મંદિરનો અને ધર્મશાળાનું નિર્માણ કાર્ય કરવા માટે જાહેર સાર્વજનિક સુવિધાના હેતુસર કુલ રૂ.4.49 કરોડ મંજૂર કરાવ્યા છે. તે જ રીતે વાડી નિરાંત રામજી મંદિરની જગ્યાએ નવીન મંદિર અને ધર્મશાળાનું પણ નિર્માણ કાર્ય રૂ.4.40 કરોડ મંજૂર કરાવી બંને મંદિરનાં કામ પૂર્ણ થયાં છે. વાડી ગામનાં લગ્ન તથા દરેક મરણ પ્રસંગોમાં ચોની અચૂક હાજરી હંમેશાં હોય જ. લગ્ન અને મરણ પ્રસંગે 12મા, 13માના સામાજિક પ્રસંગોમાં ગરીબ પરિવારને કોઈપણ જાતના ભેદભાવ વગર આર્થિક સહાય તથા ડાર્ક ચોખા, તેલ મરી-મસાલાની તાત્કાલિક સહાય પોતાના અંગત ખર્ચમાંથી કરે છે. વાડી ગામની અંદાજે 250થી 300 જેટલી વિધવા બહેનોને રાજ્ય સરકાર તરફથી પેન્શન યોજના હેઠળ આર્થિક સહાય મળી રહે એ હેતુથી વ્યક્તિગત દરેક બહેનોના તેમના કાર્યકર્તા મારફતે ફોર્મ ભરાવી તાલુકા કચેરી લઈ જઈ ફોર્મ ભરાવી આર્થિક સહાય આપવામાં અંગે ટ્રસ્ટ લઈ સહાય અપાવી માનવસેવા કરી રહ્યા છે. જંગલ જમીન હક, શૈક્ષણિક ક્ષેત્રે, સખીમંડળની બહેનોને પ્રોત્સાહિત કરવા અને આજીવિકા ઊભી કરવામાં તેમનો ફાળો ઉમદા રહ્યો છે.




(માહિતી સંકલન અને તસવીર: વિનોદ મૈસુરીયા, વાંકલ)